ક્રમાંક: ૧૮-મબશ-પેન: મુરા: ધ. ૧૯૯૨૩-૪૨
શિક્ષણ નિયામકની કચેરી, ગુ. રા.
અમદાવાદ-૧૬ તા. ૩-૧-૧૯૭૮

વિષય:- બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓની પેન્શન યોજના મુંબઈ રાજ્યના નોકરી પેન્શનપાત્ર ગણવા અંગે.

ઉપરોક્ત બાબતે આપના જીલ્લાના બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓના મુંબઈ રાજ્યમાં કરેલ નોકરી પેન્શનપાત્ર ગણવાના સરકારશ્રીએ ઠરાવ ક્રમાંક: એસએસએન: ૩૪૭૫૧૮૪૫૪૮૧ગ. તા. ૧૮-૧૨-૭૭ થી જરૂરી હુકમો બહાર પાડેલ છે. ઠરાવમાં જણાવ્યાનુસાર નોકરી જોડી આપવાની મંજુરી આપવા માટેની કાર્યવાહી આ કચેરીએ કરવાની રહે છે. આ બાબતે મુંબઈ રાજ્યની નોકરી જોડી આપતી વખતે પડેલ બ્રેક સી.પી.એફ. એકાઉન્ટ તથા પેન્શનપાત્ર નોકરી રાહત શિક્ષકો પેન્શનપાત્ર પગાર તથા અન્ય કાર્યવાહી માટે મુળ પેન્શન યોજનામાં કરેલ જોગવાઈઓ સ્પષ્ટતા તથા તે અંગે કરેલ વખતો વખતના સુધારા વધારા લક્ષમાં લઈ આવા કેસનો નિકાલ કરવાનો હોવાથી મુંબઈ રાજ્યની નોકરી પેન્શન માટે માન્ય રાખવા સારૂં આ કચેરીના પરિપત્ર ક્રમાંક: ૧૮-મબશ-પેન-જનરલ: ધ. ૫ તા. ૧૪-૧-૭૪ માં સુચના પ્રમાણે અને સાથે રાખેલ ફોર્મમાં હકિકત તથા મુંબઈ રાજ્યની નોકરી અંગેનાં દસ્તાવેજ પુરાવા સાથે અત્રેની કચેરીએ કેસ રજુ કરવાનો રહેશે જેથી સદર કેસ અંગે જરૂરી તપાસ કરી અત્રેથી જરૂરી હુકમો કરવાના રહેશે માટે મુંબઈ રાજ્યની નોકરી પેન્શનપાત્ર ગણવા માટે દરખાસ્ત આ કચેરીને મોકલી આપશો.

નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં આવા કેસ રજુ કરી પેન્શન માટે રીવાઈઝ કરવાના રહેશે માટે આવા કેસોને સૌ પ્રથમ અગ્રતા આપવી.

:સહી: જે. એલ. રાઠોડ,
શિક્ષણ નિયામકવતી
ગુ. રા. અમદાવાદ.

---

નં. અ. પી. એફ: પેન્શન પાત્ર:
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ, તા. ૧૨-૧-૧૯૭૮

નકલ જાણ તથા અમલ થવા સારૂં:-

શ્રી આચાર્યશ્રી/આચાર્યાશ્રી, જિલ્લાની તમામ બિનસરકારી માધ્ય. શાળાઓ
અધ્યાપન મંદિરો તરફ.

આ કચેરીની માધ્યમિક શાખા તરફ,
આચાર્ય સંઘ, શિક્ષક સંઘ, રાજકોટ જિલ્લા, રાજકોટ.

આ સાથેના પરિપત્રમાં બતાવ્યા મુજબ જે કર્મચારીઓએ આ હકીકત સ્પર્શ કરતી હોય તેવા કર્મચારીઓની માહિતી ચાર નકલોમાં નમુનામાં તૈયાર કરાવી વળતી ટપાલે મોકલી આપશોજી.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.